ગાંધીનગર સમાચાર

ઉત્તરાખંડની મહિલા સરપંચોએ સાંસ્કૃતિક વિરાસત દર્શાવી

# રીક્ષા ચલાવી પરિવારનું ભરણ-પોષણ કરતા કૈલાસબેનને મહિલા દિને સલામ

## સિવિલમાં પોસ્ટમોર્ટમની પ્રક્રિયામાં પતિની સાથે ખભેખભો મિલાવી સેવા આપતા ઉષાબેનને અભિનંદન





ગાંધીનગર, તા.૭

આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની વિશ્વભરમાં ધામધુમથી ઉજવણી કરાઈ રહી છે. આજની મહિલા સમાજના દરેક ક્ષેત્રો જેવા કે આર્થિક, રાજકીય, સામાજીક, સાહિત્ય, કૃષિ-વિજ્ઞાન, કલા, ઉડ્ડયન, સંરક્ષણ, રમત-ગમત, વ્યવસાયિક તથા સેવાક્ષેત્રે નામના મેળવી ચુકી છે. ગાંધીનગરમાં પણ કેટલીક મહિલાઓ પોતાના આત્મવિશ્વાસના બળે તથા દ્રઢ નિશ્ચયના પ્રતાપે પોતાના ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરીને અન્ય મહિલાઓ માટે પ્રેરણારુપ બની છે. ત્યારે ગાંધીનગરમાં પણ મહિલા સંસ્થાઓ દ્વારા વિશ્વ મહિલા દિનની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે ગાંધીનગરમાં પણ પુરુષપ્રધાનમાં ખભેથી ખભો મીલાવી કામ કરીને પોતાના પરિવારનું ભરણ પોષણ કરી રહી છે. આજે શહેરની બે જાંબાઝ મહિલાઓની વાત મહિલા દિન કરવી છે. જેમાં એક છે કૈલાસબેન જગદીશભાઈ પરદેશી અને બીજા છે ઉષાબેન વિનોદભાઈ પરમાર...

કૈલાશબેન જગદીશભાઈ પરદેશી કે જેઓ ગાંધીનગરમાં રીક્ષા ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. કૈલાસબેનના પતિનું નિધન થતા તેમના પર પરિવારના ભરણપોષણની જવાબદારી આવી જતા માત્ર આઠ ધોરણ સુધી ભણેલા કૈલાસબેનના માથે સમગ્ર પરિવારની જવાબદારી આવી પડી હતી. આવા સમયે કૈલાસબેનના પિયરમાંથી કે સાસરીપક્ષમાંથી એક પણ તરફથી સહાય મળી નહોતી. તેમના માથે એક દિકરી અને દિકરાની જવાબદારી હોવાથી તેઓએ પોતાના પતિની પડી રહેલી રિક્ષા ચલાવાનું નક્કી કર્યું. ત્યારે છેલ્લા આઠવર્ષથી રીક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતા કૈલાસબેને પોતાના દિકરા અને દિકરીને ગ્રેજયુએટ સુધી અભ્યાસ કરાવ્યો છે. સવારથી સાંજ રીક્ષા ચલાવીને રોજના ૬૦૦ રૂપીયા જેટલું કમાતા અને પરિવાર સાથે ખુશી-ખુશી જીવન નિર્વાહ કરતા કૈલાસ બેનના જીવનમાં અનેક ચડાવ ઉતાર પણ આવ્યા છે. છતા મક્કમ મને સામનો કરીને તેઓ પોતાના જીવનમાં ઝડપભેર આગળ વધી રહ્યા છે અને અન્ય મહિલાઓને પણ પ્રેરણા પુરી પાડી રહ્યા છે. જયારે ગાંધીનગરમાં માત્ર એક રીક્ષા ચાલક હોવાથી તેમને ઘણીવાર મુસાફરો તેમજ અન્ય રીક્ષાચાલકો સાથે માથાકુટ પણ થાય છે પણ તેઓ હસતા હસતા જણાવે છે કે તે બધાને હું પહોંચી વળું તેવી છું. તેમ કહીને પોતાની વાત પુરી કરે છે.

સામાન્ય રીતે મહિલાઓ લોહી જોઈને ગભરાઈ જાય છે કે ચક્કર આવીને પડી જાય છે. મહિલાઓ કોઈને શરીર પર ઈજા પહોંચે તો પણ દુખ જોઈ શકતી નથી. તેવી સ્થિતિમાં ગાંધીનગર હોસ્પિટલમાં લેબોરેટરી વિભાગમાં ફરજ બજાવતા ઉષાબેનના પતિને હાર્ટએટેક આવતા તબિયત નાદુરસ્ત રહેવા લાગી હતી. ત્યારે તંત્ર દ્વારા ખાનગી એજન્સી હેઠળ કામ કરતા ઉષા બેનને પોતાના પતિ સાથે પીએમ રૂમમાં ફરજ માટે મુકવામાં આવ્યા હતા. તે દિવસથી અત્યારસુધી છેલ્લા ૯ વર્ષથી રાત દિવસ જોયા વગર ગમે તે સમયે પોસ્ટમોર્ટમ માટે

● અનુસંધાન પાન-૭ પર



નગરના ખ માર્ગને સિકસલેન બનાવાની કામગીરીના અંતે ખ માર્ગ પર નજર નાંખો ત્યાં મોતના કુવા સમાન ખાડા ટેકરાની ભયજનક સ્થિતિ જોવા મળી રહી છે. છેલ્લા ત્રણ મહીનાથી આ મામલે સ્થાનિક નગરજનો દ્વારા તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવતી હતી. પરંતુ નાગરિકોની રજુઆતને ન્યાય મળતો ન હતો. જો કે પ્રધાનમંત્રીના આગમન ટાંણે આ મામલે સફાળા જાગેલા તંત્ર દ્વારા આજે યુધ્ધના ધોરણે માર્ગ વચાળે સ્થિત ગાબડા પુરવા માટેનુ અભિયાન હાથ ધરાયુ હતુ. ખ માર્ગને સિકસલેન બનાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.જો કે હજુ માર્ગનુ કામ અપુર્ણ છે. જેમાં ખ-૬ થી ખ-૭ વચ્ચે માર્ગને સિકસલેન બનાવાની કામગીરી આગામી દિવસોમાં હાથ ધરાશે. ખ માર્ગની કામગીરી દરમિયાન સ્ટોર્મ વોટર લાઈનને યોગ્ય રીતે સાઈડ કોર્નર કરવાના મામલે તંત્ર દ્વારા બેદરકારી દાખવવામાં આવી હતી. જેના પગલે સ્થાનિક નાગરિકો માટે અકસ્માતની દ્રષ્ટીએ ભયજનક સ્થિતિનુ નિર્માણ થયુ છે. માર્ગ નિર્માણ અન્વયે તંત્ર દ્વારા પણ આ ભયજનક ચેમ્બરોને કોર્નર કરવાની કોઈ યોજના વિચારવામાં ન આવતા છેલ્લા ત્રણ મહીનાથી આ માર્ગ પર સ્થાનિક નાગરિકો માટે મોતના કુવા સમાન સ્થિતિ ઉદભવી છે. માર્ગ સલામતીને જોખમમાં મુકતી આ દુવિધાને નિવારવા વિભાગ દ્વારા પણ ત્વરિત કામ હાથ ધરવાના બદલે કામગીરીને વહીવટી આંટી ઘુંટીમાં ઉલ્જાવી આમ નાગરિકોની સલામતીને રામભરોસે મુકી દીધી હતી. પરંતુ પ્રધાનમંત્રી મહાત્મા મંદિરમાં પ્રધાનમંત્રીનુ આગમન થવાના ટાંણે આજે તંત્રની ટીમ ખ માર્ગના ગાબડા પુરવાના કામે લાગી હતી.

# ગાંધીનગરમાં છેલ્લા ૧૨ વર્ષથી સ્ત્રી કરતા પુરુષ જન્મ-મૃત્યુ દરનું પ્રમાણ વિશેષ

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં છેલ્લા ૧૨ વર્ષમાં સ્ત્રી જન્મ મૃત્યુ દર કરતા પુરુષ જન્મ મૃત્યુ દરનુ પ્રમાણ વિશેષ હોવાનુ ધ્યાને આવ્યુ છે. ગત વર્ષ દરમિયાન ૪૭૭૪ પુરુષ જન્મ સામે ૪૫૯૯ સ્ત્રીબાળજન્મ મળી કુલ ૯૩૭૩ જન્મદર ગાંધીનગરમાં નોંધાયો હતો. અલબત્ત પુરુષ જન્મદર સ્ત્રી જન્મદર કરતા વિશેષ રહ્યો હોવાનુ ધ્યાને આવ્યુ હતુ.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે વર્ષ ૨૦૧૬ દરમિયાન ગાંધીનગરમાં ૪૭૭૪

**વર્ષ ૨૦૧૬માં ગાંધીનગરમાં ૪૭૭૪ પુરુષ જન્મદરની સામે ૪૫૯૯ સ્ત્રી બાળનો જન્મ**

પુરુષ જન્મદરની સામે ૪૫૯૯ સ્ત્રી બાળનો જન્મ થયો છે. જયારે મૃત્યુઆંકની દષ્ટિએ ૧૦૭૦ પુરુષ મરણ સામે ૮૩૩ સ્ત્રી મરણ નોંધાયા છે. વર્ષમાં કુલ ૧૯૦૩ મૃત્યુ નોંધાયા છે. અલબત્ત જન્મ દરની સાથે પુરુષ મૃત્યુ દર પણ વિશેષ હોવાનુ ધ્યાને આવ્યુ છે. ગત વર્ષ દરમિયાન પણ બે હજારથી વધુ મૃતકોના અસ્થિનુ વિસર્જન શહેર વસાહત મહામંડળ દ્વારા કરવામાં આવ્યુ હતુ. જયારે વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૭ દરમિયાન સ્ત્રી જન્મ મૃત્યુ કરતા પુરુષ જન્મ મૃત્યુ દર વિશેષ હોવાનુ ધ્યાને આવ્યુ છે.

# ગાંધીનગરની હાઈટેક આર ટી ઓ કચેરીમાં મેન પાવરના નામે મીંડુ

## વહીવટ ચાર્જમાં : ૧૦ જગ્યા ખાલી

ગાંધીનગર જિલ્લામાં આર ટી ઓ કચેરીનુ સંવર્ગવાર મંજુર થયેલુ મહેકમ કેટલુ છે અને જિલ્લામાં સંવર્ગ મુજબ કેટલી જગ્યા ખાલી છે ? આ પ્રશ્ન સંદર્ભે વાહન વ્યવહાર મંત્રીએ ઉત્તરમાં જણાંવ્યુ હતુ કે ગાંધીનગર આર ટી ઓ માટે વિવિધ સંવર્ગની ૩૯ જગ્યાઓ છે. જયારે આ પૈકી ૧૦ જગ્યાઓ ખાલી છે. જેમાં સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની એક, મોટર વાહન નિરિક્ષકની બે,સહાયક મોટર વાહન નિરિક્ષકની ચાર,જનસંપર્ક અધિકારીની એક, જુનિયર કલાર્કની એક,



**વિધાનસભામાં ગાંધીનગર**

- ધનંજય જોષી

ડ્રાઈવરની એક તેમ ૧૦ જગ્યા ખાલી છે. જયારે વહીવટી અનુકુળતાએ ખાલી રહેતી જગ્યા ભરવામાં આવશે.

**આંગણવાડી કાર્યકરની ૮ અને મુખ્ય સેવિકાની ૭ જગ્યા ખાલી**

ગાંધીનગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર તેડાગર અને મુખ્ય સેવિકાઓની કેટલી જગ્યાઓ ખાલી છે ? તેવો પ્રશ્ન દહેગામના કામિનીબા રાઠોડે રજુ કર્યો હતો જેના જવાબમાં મહીલા અને બાળ કલ્યાણમંત્રીએ જણાંવ્યુ હતુ કે આંગણવાડી કાર્યકરોની આઠ જગ્યા તેડાગરોની ૧૫ અને મુખ્ય સેવિકાઓની ૭ જગ્યા ખાલી છે. જેમાં દહેગામ તાલુકામાં તેડાગરની ૪ જગ્યા , કલોલ તાલુકામાં આંગણવાડી કાર્યકરની એક અને તેડાગરની બે તેમજ માણસા તાલુકામાં આંગણવાડી કાર્યકરની ૫ અન તેડાગરની ૬ તેમજ મુખ્ય સેવિકાની એક જગ્યા ખાલી છે. જયારે ગાંધીનગર તાલુકામાં આંગણવાડી કાર્યકરની બે ,તેડાગરની ૩ જગ્યાઓ ખાલી છે. જયારે ખાલી જગ્યા ભરવા અંગેના પેટા પ્રશ્નના જવાબમાં જણાંવાયુ હતુ કે ટુંક સમયમાં જ જાહેરાત આપીને તાત્કાલિક જગ્યા ભરવામાં આવશે. જયારે આ પૈકી આંગણવાડી કાર્યકરની ૭ જગ્યાએ સીધી ભરતીથી નિમણુંક અપાશે

**લઘુત્તમ વેતન અને બાળ મજુર ધારાના ભંગ બદલ ૨૯૪ સામે કોર્ટ કેસ**

ગાંધીનગર જિલ્લામાં લઘુત્તમ વેતન અને બાળમજુર ધારાના ભંગના કેટલા કિસ્સા નોંધાયા ? તે અંગે સાણંદના કરમશીભાઈ પટેલે પ્રશ્ન રજુ કર્યો હતો જેના જવાબમાં શ્રમ અને રોજગાર મંત્રીએ ઉત્તરમાં જણાંવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન લઘુત્તમ વેતન ધારાના ભંગના ૯૭ કિસ્સાઓ ધ્યાને આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર




# ઉત્તરાખંડની મહિલા સરપંચોએ સાંસ્કૃતિક વિરાસત દર્શાવી

## હિમાચલપ્રદેશની મહિલાઓએ લોકજાગૃતિને બિરદાવી કહ્યુ રાજકીય ક્ષેત્રેથી મદદ મેળવી નમુનારૂપ કામ થયુ છે

ગાંધીનગર, તા. ૭

અહિની ભૌગોલિક સ્થિતિ અને સિમલાની ભૌગોલિક સ્થિતિમાં તફાવત છે. અહિ સ્વચ્છતા માટે સારૂ અભિયાન હાથ ધરાયુ છે જરૂર પણ અમે અમારા ત્યાં કચરો ઘરની બહાર કાઢતા જ નથી અમારે ત્યાં પાણીના નિકાલ માટે પાઈપલાઈન અને તેના ખર્ચના ભંડોળની ચિંતા વધુ છે તેમ સિમલાથી આવેલ મહિલા સરપંચોએ જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે અહિ લોકોની જાગૃતિ છે અને રાજકીય ક્ષેત્રનો લાભ પણ મદદ મેળવી સારો ઉઠાવવામાં આવ્યો છે. અહિ વિકાસ સારો થયો છે.

ઉત્તરપ્રદેશની મહિલાઓની એક ટીમ રાંધેજા ખાતે રૂર્બન પ્રોજેક્ટ જોવા ગઈ હતી તેણે પણ રૂર્બન પ્રોજેકટની કામગીરી નિહાળી પ્રસન્નતા વ્યક્ત કરી હતી. સૌથી વધુ મહિલા સરપંચો ઉત્તરપ્રદેશમાંથી અહિ આવી છે. રોડ, વીજળી, પાણીની વ્યવસ્થાઓ અંગે કરાયેલી વ્યવસ્થાઓ અંગે તેમણે સંતોષ વ્યક્ત કર્યો હતો.

ઉત્તરાખંડથી આવેલી મહિલા સરપંચોનો અંદાજ અલગ જ હતો. પહાડી વિસ્તાર વચ્ચે રહેતા હોવા છતાં તેમણે કહ્યુ કે અહિ વિકાસ જરૂર સારો થયો છે પણ રિકવરીનું પ્રમાણ ઓછુ લાગે છે.

તેમણે અડાલજની વાવ વિશેની ઐતિહાસિક વિગતો મેળવી



અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં જણાવ્યુ હતુ કે જળસંચય વિશે પૂર્વજો કેટલુ બધુ વિચારતા હતા. આપણે પણ આ દિશામાં સકારાત્મકતાથી વિચારવુ જોઈએ.

ઉત્તરાખંડની આ મહિલા સરપંચો કોબા નજીક જવાહરલાલ

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર માટે
LED, LCD & Colour TV
રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઇનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬
મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧

જગ્યા ભાડે આપવાની છે
ઈન્ફોસીટી સુપર મોલ-૧
ગ્રાઉન્ડ ફ્લોર, જી-૫,
સબ-વેની બાજુમાં
આશરે ૨૩૩ ચો. ફુટ
ફોન : ૯૮૨૪૨ ૩૭૦૦૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com